# ગુજરાત યુનિવર્સિટી

યુવક કલ્યાણ વિભાગ, નવરંગપુરા, અમદાવાદ

સંપર્ક નં. : ૦૭૯-૨૬૩૦૦૮૩૪

યુ.ક. નં/૦૧૩ /૨૦૨૧ તા: ૨૦-૦૯-૨૦૨૧

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, વિદ્યાભવનના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાશ્રીઓ

**વિષય: બેઝીક પર્વતારોહણ તાલીમ શિબિર અંગે.**

શ્રીમાન,

ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રતિ વર્ષે યોજાતી વિવિધ શિબિરોની સફળતા અને વિદ્યાર્થીઓમાં પ્રસરેલી રૂચી જોઈ આગામી ઓક્ટોબર માસ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે બેઝીક પર્વતારોહણ તાલીમ શિબિરનું આયોજન કરવા વિચારણાધિન છે. હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ શિબિર દરમ્યાન અને પસંદગી કસોટી સમયે વિદ્યાર્થીઓએ ભારત સરકાર દ્વારા બહાર પાડેલ COVID-19 ની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

બેઝીક પર્વતારોહણ તાલીમ શિબરનું આયોજન સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ માઉન્ટેનીયરીંગ, માઉન્ટ આબુ ખાતે કરવામાં આવશે. ઉપરોક્ત દર્શાવેલ શિબિરમાં આપની કોલેજના ભાગ લેવા ઈચ્છુક વધુમાં વધુ ૩ વિદ્યાર્થી ભાઈઓ અને ૩ વિદ્યાર્થીની બહેનોની માહિતી નીચે દર્શાવેલ ગુગલ Link પર તા. ૦૫-૧૦-૨૦૨૧ સુધીમાં ભરીને મોકલી આપવા વિનંતી.

**https://forms.gle/UTtHiBUjxvWW4zKb7**

વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોની માહિતી ઉપરોક્ત ગુગલ Link પર ભર્યા બાદ તેઓના ઈમેલ પર ભરેલ ફોર્મની વિગત આવી જશે. જેની પ્રિન્ટ કાઢીને વિદ્યાર્થિની સહી, આચાર્યશ્રીના સહી સિક્કા તેમજ કોલેજના ફોરવર્ડીંગ લેટર સાથે તા. ૦૫-૧૦-૨૦૨૧ સુધીમાં **યુવક કલ્યાણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ** ને મોકલી આપવા વિનંતી. કોલેજના ભાગ લેવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓની માહિતી એક જ ફોરવર્ડીંગ લેટર સાથે મોકલી આપશોજી, જેની ખાસ તકેદારી રાખવા વિનંતી.

વિદ્યાર્થીઓની આખરી પસંદગી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. આખરી પસંદગી અંગે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી દ્વારા લેવાનાર દોડ કસોટી પૂર્ણ કરવાની રહેશે. આ અંગે પસંદગી સ્થળે વિદ્યાર્થીઓએ પોતે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. પસંદગી સમયે તેમજ શિબિર દરમ્યાન કોઈ જાનહાની કે કોઈ અકસ્માત થાય કે બીમાર પડે તો તેની જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે અને સારવારનો પુરેપુરો ખર્ચ પણ જે તે વિદ્યાર્થીએ પોતે ભોગવવાનો રહેશે. શિબિર સ્થળે આવવા-જવાનો ખર્ચ વિદ્યાર્થીઓએ પોતે અથવા કોલેજે ભોગવવાનો રહેશે. યુનિવર્સિટી તરફથી રહેવા, જમવા તથા તાલીમની સગવડ શિબિરના સ્થળે કરવામાં આવશે. **પસંદગી પત્ર તેમજ હવે પછીનો પત્ર વ્યવહાર તથા શિબિર અંગેની તમામ માહિતી વિદ્યાથીઓના E-MAIL ID પર મોકલી આપવામાં આવશે.**

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

નાયબ નિયામક યુવક કલ્યાણ